ગુજરાતમિત્ર

ગતિવિધિ

નવરચના હાયર સેકન્ડરી સ્કૂલ સમા ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

વડોદરા : જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર વડોદરાના નિર્દેશનમાં ટીમ સ્વીપ વડોદરાના કૉઓડિનેટર ડૉ. સુધીર જોશીના માર્ગદર્શનમાં નવરચના હાયર સેકન્ડરી સ્કૂલ, સમા-વડોદરા ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો. ડૉ. સુધીર જોશીએ મત-મતદાર અને મતદાન પ્રક્રિયા વિશે માહિતી અને જાણકારી આપી તેમજ વિદ્યાર્થીઓને ચેન્જ એજન્ટ બનાવી તેમના દ્વારા મહતમ મતદાન માટે તેમના કુટુંબીઓ - મિત્રો તથા પરિવારોને અપીલ કરવા પ્રેરિત કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને અચૂક મતદાન માટેના શપથ લીધા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી સુપ્રભા મેનન, એડમીનીસ્ટ્રેટર બીજુ કુરીયન, કૉ-ઓડિનેટર અનધા કોટેશ્વર, અને ટીમ સ્વીપ વડોદરા દ્વારા લોકતંત્રને મજબૂત બનાવવા તેમજ મહતમ મતદાન માટે નિરંતર પ્રયાસો થઈ રહ્યા છે.

સંત કબીર ઇન્ટરનેશનલ સ્કૂલ ચાપડ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

વડોદરા : વડોદરા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બિજલ શાહના નિર્દેશનમાં ટીમ સ્વીપના કો-ઓડિનેટર ડો. સુધીર જોશીના માર્ગદર્શન હેઠળ સંત કબીર ઈન્ટરનેશનલ સ્કૂલ, ચાપડ ખાતે ભવ્ય મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓના બે ગ્રુપો દ્વારા ગ્રુપ ડિસ્કશન સાથે પરિસંવાદ અને લોકતંત્ર કઈ રીતે મજબૂત બની શકે તે માટે ચર્ચા કરવામાં સાથે વિદ્યાર્થીઓએ નાટ્ય દ્વારા સુંદર પ્રસ્તુતિ કરી વડોદરાના મતદારોને સો ટકા મતદાન માટે અપીલ કરવામાં આવી હતી. ડો.સુધીર જોશીએ મત-મતદાર અને મતદાન પ્રક્રિયા વિશે માહિતી અને જાણકારી આપી તેમજ વિદ્યાર્થીઓને ચેન્જ એજન્ટ બનાવી તેમના દ્વારા મહતમ મતદાન માટે તેમના કુટુંબીઓ - મિત્રો તથા પરિવારોને અપીલ કરવા પ્રેરિત કર્યા હતા. વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને અચૂક મતદાન માટેના શપથ લીધા હતા. આ પ્રસંગે શાળાનાફાઉન્ડર ડાયરેક્ટર રાધીકા ટંડોન, ટ્રસ્ટી અર્જુન ટંડોન, ચેરપર્સન એમ.કે. ટંડોન, પિન્સીપલ નમિતા આનંદ ગોપલાન ઉપસ્થિત રહ્યા હતા.

અલકાપુરી ખાતે શાશ્વતી આયંબિલ હોળીના જૈન સંઘમાં નિલેશ શાહે પારણા કરાવ્યા

વડોદરા : મંગળવારે ચૈત્રી પુનમે નવપદજીની આયંબિલની ઓળી પુર્ણ થયા પછી ગુરુદેવ પચ્ચખાણ આપે પછી જ પારણું કરી શકાય. જૈન ધર્મમાં એક અપેક્ષા એ શાસ્ત્રોમાં પર્યુષણા પર્વ કરતા પણ આયંબિલની શાશ્વતી ઓળીનું મહત્વ અને ફળ ખુબ જ ઉત્તમ બતાવેલું છે તેમ જૈન અગ્રણી દીપક શાહે જણાવ્યું હતું. અલકાપુરી જૈન સંઘમાં શાશ્વતી આયંબિલની ઓળીના સંપુર્ણ લાભાર્થી જય લક્ષ્મી પરીવારના નિલેશભાઈ શાહે પારણા કરાવ્યા હતા. આચાર્ય ધર્મરત્નસુરી મહારાજે બધા તપસ્વીઓને નવકારશીનું પચ્ચખાણ આપ્યું હતું તથા માંગલીક સંભળાવ્યું હતું. દરમ્યાનમાં આજે સુમનદીપ વિદ્યાપીઠના ડો દિક્ષિતભાઈ શાહ તથા વર્ષાબેન શાહે પણ ત્રીજી આયંબિલ ઓળીનું પારણું પ્રખર વ્યાખ્યાન વાચસપતિ ચંન્દ્રશેખર મહારાજ સાહેબના શિષ્ય રત્ન આચાર્ય ચંદ્રજીતસુરી તથા આચાર્ય ઈન્દ્રજીતસુરી મહારાજ સાહેબ ની નિશ્રામાં પારણું કર્યું હતું. કાર્યક્રમમાં અલકાપુરી જૈન સંઘ ના પ્રમુખ CA હિંમતભાઈ શાહ , ટ્રસ્ટી પ્રશાંતભાઈ શાહ, જયેન્દ્રભાઈ શાહ, દિલેશભાઈ મહેતા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સોમાતળાવ ખાતે યોગ સંવાદ કાર્યક્રમનું આયોજન કરાયું

વડોદરા : ચેરમેન યોગ સેવક શીષપાલે યોગના અમૃત કાલ અંતર્ગત ગામેગામ યોગ ઘરે ઘરે યોગના સૂત્રને સાર્થક કરવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના વડોદરા જિલ્લાના કોર્ડીનેટર ઇન્દ્રજીતકુમાર પરમાર તથા બેસ્ટ ઝોન કોર્ડીનેટર ડો. મીનાક્ષીબેન પરમાર, ઈસ્ટ ઝોન કોર્ડીનેટર સુનિલભાઈ પટેલ અને યોગકોચ અલ્પા ઠાકર સાથે જ યોગ કોચ અલ્પા પટેલ તથા વડોદરાના યોગ કોચ અને શહેરના સન્માનિત યોગ સાથે ગત તા.22 મી એપ્રિલના રોજ સોમાતળાવ ,ડભોઇ રોડ રેલ્વે લાઈન પાસે ગીરીરાજ સોસાયટી ગાર્ડન ખાતે સાંજે 5:30 થી 7:30 દરમિયાન યોગ સંવાદનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અતિથિ વિશેષ તરીકે બ્રહ્માકુમારી રમીલા દીદી, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ડો.હિતેન્દ્રભાઈ પટેલ અને અલ્પા પટેલ, અલ્પા ઠાકર તથા પિન્કીબેન શાહ મહિલા મોરચા અધ્યક્ષ,મુખ્ય આયોજક ઓમ સહયોગ ચેરીટેબલ ટ્રસ્ટ યોગ, PIHR, આરોગ્ય ભારતી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આઇસ્ક્રીમ, ઠંડા પીણા, કેરીનો રસ સહિતની ખાદ્ય સામગ્રીના નમૂના લેવાયા

પાલિકાની ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં આકસ્મિક ચેકીંગ

સ્કાય ટોપ ફૂડ પ્રોડક્ટ ખાતે મસાલાના નમૂનાઓ પણ લેવામાં આવ્યા

FSSIના નિયમનું પાલન તથા સ્વચ્છતા અંગેની તપાસ કરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

વડોદરા મહાનગરપાલિકાની આરોગ્ય શાખાની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં ઠંડા પીણા તેમજ પેકેજ્ડ ડ્રિન્કીંગ વોટરના સપ્લાયરને ત્યાં ચકાસણી હાથ ધરવામાં આવી હતી અને નમૂનાઓ લઈને પૃથક્કરણ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા.

ઉનાળાની ઋતુને અનુલક્ષીને જાહેર જનતાનાં આરોગ્યની સુખાકારી ધ્યાને લઈ મ્યુનિસિપલ કમિશનરની સૂચના મુજબ ડેઝીગ્નેટેડ ઓફિસર અને અધિક આરોગ્ય અમલદારનાં માર્ગદર્શન હેઠળ ખોરાક શાખાના ફૂડ સેફ્ટી ઓફીસરોની ટીમ દ્વારા પેકેજ્ડ ડ્રીંકીંગ વોટર, આઈસક્રીમ, ઠંડા પીણા, કેરીના રસ વિગેરેના વિક્રેતાઓને ત્યાં દરોડા પાડવામાં અવાય હતા. જ્યા FSSAI ના નિયમનું પાલન તથા ખાધ પદાર્થોની તપાસણી કરવામાં આવી હતી. ઉનાળાના કારણે શહેરીજનો ઠંડક આપતી ખાદ્ય ચીજવસ્તુઓનો વધારે ઉપયોગ કરતા હોઈ શહેરના વિવિધ વિસ્તારોમાં અલગ અલગ વિક્રેતાઓને ત્યાં સઘન ચેકીંગની કામગીરી હાથ ધરી પેકેજ્ડ ડ્રીંકીંગ વોટર, આઈસક્રીમ, ઠંડા પીણા, કેરીના રસ વિગેરેના નમુના લઇ પબ્લિક હેલ્થ લેબોરેટરી, ફતેગંજ ખાતે પૃથક્કરણ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. અધિકારીઓ દ્વારા સઘન ચેકીંગની કામગીરી તેમજ નમુના લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તેમજ શિડયુલ-4 મુજબ સ્વચ્છતા જાળવવા કડક સૂચના આપવામાં આવો હતી.

છેતરપિંડીના ગુનામાં 10 વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ક્રાઇમ બ્રાન્ચે મોડાસા ખાતે દબોચી કારેલીબાગ પોલીસને સોંપ્યો

ધંધામાં 42.50 લાખનું રોકાણ કરાવ્યા બાદ રૂપિયા પરત આપતો ન હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.24

રિમોલ્ડ ટાયર તથા સ્ક્રેપના ધંધામાં લોકોને 42.50 લાખનું રોકાણ કરાવ્યા બાદ રૂપિયા પરત નહી કરીને છેતરપિંડી આચરી હતી.ત્યારે આ ઠગાઈના ગુનામાં 10 વર્ષથી નાસતા ફરતા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે મોડાસામાંથી ઝડપી પાડ્યો હતો. વડોદરા લાવ્યા બાદ તેને કારેલીબાગ પોલીસને સોંપાયો છે.

ક્રાઈમ બ્રાન્ચની ટીમ નાસતા ફરતા આરોપીઓની શોધખોળ કરી રહી હતી. તે દરમિયાન વર્ષ 2014માં કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં આરોપી મુયર નવનીતલાલ શાહ (રહે. મનજીતનગર તુલસીધામ ચાર રસ્તા માંજલપુર વડોદરા) છેલ્લા 10 વર્ષથી ધરપકડથી બચવા માટે નાસતો ફરતો હતો. આરોપીની ટેકનિકલ તથા હ્યમન સોર્સિસના આધારે તપાસ કરી હતી.

દરમિયાન આ ફરાર આરોપી હાલમાં અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે હોવાની બાતમી મળતા ક્રાઈમ બ્રાન્ચની ટીમ ત્યાં પહોંચી ગઈ હતી. ત્યારબાદ તેને મોડાસાના સામળાજી રોડ ખાતેના ડીપ એરીયામાં આવેલા જેનસેવા ઔષધ વન ફાર્મસી નામના મેડિકલ સ્ટોર પરથી શોધી ઝડપી પાડ્યો હતો. તેને વડોદરા લાવ્યા બાદ કારેલીબાગ પોલીસને સોંપાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આરોપે વર્ષ 2014માં લાલચ આપીને 42.50 લાખનું સ્ક્રધામાં રોકાણ કરાવ્યું હતું ત્યારબાદ રૂપિયા પરત નહી આપી છેતરપિંડી આચરી હતી. રોકાણ કરનાર વ્યક્તિ દ્વારા ઉઘરાણી કરતા હોય આરોપીએ સ્યુસાઇડ નોટ લખી નાસતો ફરતો હતો.

રેલવે સ્ટેશન ગરનાળા નજીક આવેલી ગટર ઉભરાતા ગંદુ પાણી રોડ ઉપર ફરી વળ્યું

■ શહેરના રેલવે સ્ટેશન ગરનાળા નજીક આવેલી ગટર ઉભરાતા ગંદુ પાણી રોડ ઉપર ફરી વળ્યું હતું. પાલિકા દ્વારા આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને ગટરલાઈનો સાફ કરવામાં આવી રહી છે. તો બીજી તરફ મુખ્ય માર્ગ ઉપરની જ ગટર ઉભરાઈ રહી છે. દુર્ગંધ મારતા પાણીના કારણે વાહનચાલકોએ હાલાકી વેઠવી પડી હતી. **(તસવીર :રણજીત સૂર્વે)**

જાન્યુઆરીથી માર્ચ દરમિયાન ખોવાઇ ગયેલા લોકોને 'શી' ટીમે શોધી કાઢ્યાં

ટ્રેનોમાં ભુલા પડી ગયેલા 191 લોકોને રેલવેની 'શી' ટીમે તેમના પરિવારને પરત સોંપ્યાં

પોલીસ અધિક્ષક સરોજકુમારીની સુચના હેઠળ શી ટીમની સરાહનીય કામગીરી

(પ્રતિનિધિ) વડોદરા તા.24

જાન્યુઆરી,ફેબ્રુઆરી અને માર્ચ-2024 દરમિયાન રેલવેમાં દોડતી ટ્રેનોમાં મુસાફરી દરમિયાન ભુલા પડી ગયેલા થતા ઘરમાંથી ગુસ્સામાં નીકળી ગયેલા બાળકો,મહિલા અને પુરૂષોને રેલવેના 10 પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતી શી ટીમે શોધી કાઢ્યા હતા. ત્યારબાદ તેમના વાલી વારસોનો સંપર્ક કરીને તેમને પોલીસ સ્ટેશન બોલાવી ખાતરી કર્યા બાદ સહીસલામત રીતે તેમનું પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યુ હતું.

પશ્ચિમ રેલ્વે વડોદરા પોલીસ અધિક્ષક સરોજકુમારીએ ટ્રેનોમા મુસાફરી કરતાં મહિલા અને બાળકોની સુરક્ષા સુદઢ કરવા અને વરિષ્ઠ નાગરીકોની મદદ કરવાના હેતુથી તથા નાના બાળકો કોઇ ક્રાઇમનો ભોગ ન બને માટે શી ટીમને કામગીરી કરવા સુચના આપી હતી. જેના10 પોલીસ સ્ટેશનો ખાતે શી ટીમમાં કામ કરતા પોલીસ કર્મચારીઓએ જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ 2024 દરમ્યાન ભુલા પડેલા બાળકો તથા ગુસ્સામાં ઘરેથી નિકળી ગયેલા બાળકો, સ્ત્રી અને પૂરૂષો મળી કુલ 191 લોકોનને શોધી તેના વાલી-વારસો તથા પરીવાર સાથે પુનઃ મિલન કરાવ્યુ છે. જેના કારણે ઘણા પરિવારોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

18 વર્ષ સુધીના 103 બાળકો અને બાળકીને પરીવારજનોને પરત સોંપ્યાં

ગુમ થયેલા લોકો પૈકીના 0થી 18 વર્ષના વાપીના બે બાળક પાંચ બાળકી, વલસાડ એક બાળક બે બાળકી, સુરત- તેવીસ બાળક અને સતીયાવીશ બાળકીઓ, ભરૂચ- ત્રણ બાળક ચાર બાળકી, વડોદરા- દસ બાળક સોળ બાળકી, આણંદ-બે બાળક બે બાળકી, ગોધરા- એક બાળક એક બાળકી દાહોદ- એક બાળક ત્રણ બાળકી મળી બાળકો 43 તથા 60 બાળકી મળી 103 બાળકો તથા બાળકીઓને તેમના પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું છે.

18થી 88 વર્ષના મહિલા-પુરુષોનુ પરિવાર સાથે મિલન

18 વર્ષથી ઉપરના વાપીના એક પુરૂષ ચાર સ્ત્રી, વલસાડ બે પુરૂષ બે સ્ત્રી, સુરત- આઠ પૂરૂષ તથા સતીયાવીશ સ્ત્રી, ભરૂચ- ત્રણ પુરૂષ સાત સ્ત્રી, ડભોઇ- એક સ્ત્રી, વડોદરા છ પૂરૂષ તેર સ્ત્રી, આણંદ- એક પુરૂષ ચાર સ્ત્રી, નડીયાદ- ત્રણ સ્ત્રી, ગોધરા- એક પુરુષ ત્રણ સ્ત્રી, દાહોદ- બે સ્ત્રી મળી 22-પુરૂષ 66- સ્ત્રી મળી 88 સ્ત્રીઓ તથા પૂરૂષોનો શોધી તેઓના પરિવારને સોંપવામાં આવ્યાં છે.

જિલ્લા કલેક્ટર દ્વારા માથાભારે શખ્સોને વિવિધ જેલોમાં ધકેલાયા

ચૂંટણી પહેલાં અસામાજિક તત્ત્વો સામે તંત્રની લાલ આંખ : 3ને પાસા

(પ્રતિનિધિ) વડોદરા તા.24

લોકસભાની ચૂંટણી પહેલાં જિલ્લા વહિવટી તંત્ર દ્વારા અસામાજીક તત્ત્વો સામે લાલઆંખ કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર દ્વારા 3 માથાભારે ઈસમોને પાસા હેઠળ રાજ્યની વિવિધ જેલોમાં ધકેલવાનો હુકમ કરાયો છે.

ગુજરાત અસામાજિક પ્રવૃતિ પ્રતિબંધક ધારા-૧૯૮૫ અને પાસા એક્ટની કલમ ૯(૧) મુજબ આસીફ નુરમહંમદ કુરેશની રહે. મકાન નં. ૧૬, મીના પાર્ક સોસાયટી, ખંધા રોડ, વાઘોડીયા ટાઉન, તા, વાઘોડીયા, જિ. વડોદરાનાએ ગેરકાયદે રીતે કતલ કરવાના ઈરાદે પશુઓ તથા કતલ કરવા માટે ઉપયોગમાં લીધેલા સાધનો રાખવા સહિત વિવિધ અસામાજિક પ્રવૃતિઓ આચરતા પોલીસ અધિક્ષક વડોદરા ગ્રામ્ય દ્વારા તા. ૩૦/૦૩/૨૦૨૪ ના રોજથી પાસા હેઠળ દરખાસ્ત રજૂ કરાઈ હતી. જે અન્વયે કલેક્ટરના હુકમ અનુસાર પોલીસ દ્વારા તા. ૦૮/૦૪/૨૦૨૪ ના રોજ અટકાયત કરીને 'પોરબંદર ખાસ જેલ ' ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

તો આશિષભાઈ ઉર્ફે આશિયો કાળીદાસ મકવાણા, રહે. મહાકાળી મંદિરવાળું ફળીયું, શામળકુવા, પાદરા ટાઉન, તા. પાદરા, જિ. વડોદરાનાએ વિદેશી દારૂની બોટલોની હેરાફેરી સહિત વિવિધ અસામાજિક પ્રવૃતિઓ આચરતા પોલીસ અધિક્ષક વડોદરા ગ્રામ્ય દ્વારા તા. ૧૨/૦૪/૨૦૨૪ ના રોજથી પાસા હેઠળ દરખાસ્ત રજૂ કરાઈ હતી. જે અન્વયે કલેક્ટરના હુકમ અનુસાર પોલીસ દ્વારા તા. ૧૪/૦૪/૨૦૨૪ ના રોજ અટકાયત કરીને 'જામનગર જિલ્લા જેલ' ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

આ ઉપરાંત જયદીપ સુમનભાઈ પટેલ, હાલ રહે. નર્મદા વસાહત, સૂર્યા હોટલની સામે, સયાજીગંજ, વડોદરા શહેર, મૂળ રહે. વાપી ટાઉન, હરિયા હોસ્પિટલ પાસે, તા. વાપી, જિ. વલસાડનાએ ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલોની હેરાફેરી સહિત વિવિધ અસામાજિક પ્રવૃતિઓ આચરતા પોલીસ અધિક્ષક વડોદરા ગ્રામ્ય દ્વારા તા. ૩૦/૦૩/૨૦૨૪એ પાસા હેઠળ દરખાસ્ત રજૂ કરાઈ હતી. જે અન્વયે કલેક્ટરના હુકમ અનુસાર પોલીસ દ્વારા તા. ૧૦/૦૪/૨૦૨૪ ના રોજ અટકાયત કરીને 'પાલારા (ભુજ) ખાસ જેલ' ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

કારેલીબાગ બાલભવનથી નરહરિ સુધીના દબાણો દૂર કરવામાં આવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.24

કારેલીબાગ બાલભવનથી નરહરિ હોસ્પિટલ સુધી કાચા પાકા ઝૂપડા અને લારીઓના દબાણો પાલિકા દ્વારા દૂર કરવામાં આવ્યા છે. રસ્તામાં આવતા લારી-ગલ્લા અને કાચા-પાકા મકાનોના દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

પાલિકાની દબાણ શાખા ટીમ પોલીસ બંદોબસ્ત સાથે પહોંચતા જ લોકો એકઠા થઈ અને આ પ્રકારની કામગીરી સામે વિરોધ કર્યો હતો. જોકે પોલીસ બંદોબસ્ત સાથે ગયેલી પાલિકાની દબાણ શાખાએ કોઈપણ જાતની શરમ કે દયાની લાગણી બતાવ્યા વગર તમામ દબાણો દૂર કરી માલસામાન જપ્ત કરી લીધો હતો. આ કાર્યવાહીથી એક મહિલાએ રડતા રડતા કહ્યું કે, મહિને 1500 કોર્પોરેશન લઈ જાય છે છતાં સામાન સાથે લારી ઉઠાવી ગયા અને અમને બેરોજગાર બનાવી દીધા છે. ઉલ્લેખનીય છે કે આચર સહિતા હોવા દબાણ શાખા કાચા પાકા મકાન હાલ કેવી રીતે તોડી સકે એ પણ એક પ્રશ્ન છે.

ધો.6 થી 9ની શિષ્યવૃતિની પરીક્ષા તા.28મી એપ્રિલે

(પ્રતિનિધિ) વડોદરા તા.24

રાજ્યમાં સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ 6થી 9ના વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિનો લાભ મળે છે. વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની પરીક્ષાની હોલટિકિટને રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ ઉપર મુકવામાં આવી હોવાથી ડાઉનલોડ કરીને તેમાં વિદ્યાર્થીનો ફોટો ચોંટાડીને તેના ઉપર શાળાના આચાર્યે સહી-સિક્કા કરીને વિદ્યાર્થીઓને આપવાની રહેશે. આગામી 28 એપ્રિલના રોજ આ શિષ્યવૃત્તિની પરીક્ષા લેવાશે. પીએસઈ યોજનામાં વિદ્યાર્થીને વર્ષે રૂ.750 અને એસએસઈમાં વર્ષે રૂ.1000 શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. રાજ્ય શિક્ષણ બોર્ડના સૂત્રોના જણાવ્યા મુજબ ભણવામાં હોશિયાર અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ કરી શકે તે માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. તેના માટે પ્રાથમિક શાળાના ધોરણ 6ના વિદ્યાર્થીઓ માટે પીએસઇ અને માધ્યમિક શાળાના ધોરણ-9ના વિદ્યાર્થીઓ માટે એસએસઇ પરીક્ષા લેવામાં આવે છે.

હીરો હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ

HeroHousing Finance

સંપર્ક સરનામું: બિલ્ડીંગ નંબર 27, બીજો માળ, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - 110057, Regd. ઓફિસ: 09, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - 110057, ફોન: 011 49267000, ટોલ ફ્રી નંબર: 1800 212 8800, ઈમેલ: customer.care@herohfl.com વેબસાઇટ: www.herohousingfinance.com CIN: U65192DL2016PLC30148

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 ('અધિનિયમ')ની કલમ 13(2) હેઠળ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 (''નિયમો'')ના નિયમ 3 સાથે વાંચો.

જ્યારે અધિનિયમ હેઠળ નીચે હસ્તાક્ષર કરનાર હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (HHFL)ના અધિકૃત અધિકારી છે અને નિયમોના નિયમ 3 સાથે વાંચેલ કલમ 13(12) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ કરીને પહેલાથી જ કલમ 13(2) હેઠળ નીચેની વિગતવાર ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. અધિનિયમ અનુસાર, ઋણ લેનાર/ સહ-ઉધાર લેનાર/ બાંયધરી આપનાર (બધા જ એકલ અથવા એકસાથે ' 'બંધનકર્તા'' તરીકે ઓળખાય છે) / અહીં સૂચિબદ્ધ કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ(ઓ) નીચે આપેલ વિગત મુજબ, સંબંધિત ડિમાન્ડ નોટિસ/ઓ માં ઉલ્લેખિત રકમો, સંબંધિત નોટિસ/ની તારીખથી 60 દિવસની અંદર ચૂકવણી કરે. ઉપરોક્ત નોટિસોની નકલો રજિસ્ટર્ડ પોસ્ટ એડી દ્વારા આપવામાં આવે છે અને નીચે સહી કરનારની પાસે ઉપલબ્ધ છે, અને કથિત બંધક(ઓ)/ કાનૂની વારસદાર(ઓ)/ કાનૂની પ્રતિનિધિ(ઓ), જો તેઓ ઇચ્છે તો, સામાન્ય ઓફિસ સમય દરમિયાન કોઈપણ કામકાજના દિવસે નીચે સહી કરનાર પાસેથી સંબંધિત નકલ એકત્રિત કરી શકે છે.

ઉપરોક્ત સંબંધમાં, આથી, ફરી એક વાર ઉક્ત બંધનકર્તા(ઓ)/કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિ(ઓ)ને સંબંધિત નોટિસ/ઓ નોટિસની તારીખથી 60 દિવસની અંદર HHFLને ચૂકવણી કરવા નોટિસ આપવામાં આવે છે. તેમના સંબંધિત નામો સામે અહીં નીચે દર્શાવેલ રકમો, કોલમ (d)માં નીચે આપેલી સંબંધિત તારીખોથી નીચે આપેલ ચુકવણી અને/ અથવા વસૂલીની તારીખ સુધી વિગતવાર વધુ વ્યાજ સાથે, લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લેખનો સાથે વાંચો, જો કોઈ હોય તો, ઉક્ત બંધનકર્તા(ઓ) દ્વારા ચલાવવામાં આવે છે.

લોનની યોગ્ય ચુકવણી માટે સુરક્ષા તરીકે, નીચેની સુરક્ષિત સંપત્તિ(ઓ) ઉક્ત કરજકર્તા(ઓ) દ્વારા ક્રમશઃ HHFL પાસે મોર્ગેજ કરવામાં આવી છે.

લોન એકાઉન્ટ નં.	બંધનકર્તા(ઓ)/ કાનૂની વારસદાર(ઓ)/ કાનૂની પ્રતિનિધિ(ઓ)નું નામ	કુલ બાકી રકમ રૂ. નીચેની તારીખો પ્રમાણે	ડિમાન્ડ નોટિસની તારીખ	NPAની તારીખ
HHFVADLAP 20000007901	દીપક કુમાર રાજેન્દ્ર પ્રસાદ શર્મા, મમતા દેવી દીપક કુમાર શર્માના પત્ની, શ્રી રામ કન્ટેનર સેવા	રૂ. 7,56,127/- 18-એપ્રિલ-2024ના રોજ	18-04-2024	08-04-2024

સુરક્ષિત અસ્કયામતો / સ્થાવર મિલકતો / મોર્ગેજ પ્રોપર્ટીનું વર્ણન : ઓફિસ નંબર 220ના તમામ ટુકડા અને પાર્સલ, બીજા માળે, કાર્પેટ એરિયા એડમી. 17.63, મકાન "ગોલ્ડન પ્લાઝા" તરીકે ઓળખાતું, આર.એસ. નંબર 292 પૈકી 2 ટી.પી. નં. 2 (મૂળ પ્લોટ નં. 89/6) નવી એફ.પી. નંબર 65, મોજે હરિની સબ જીલ્લા અને જીલ્લા વડોદરા, ગુજરાત ખાતે સ્થિત છે. પૂર્વ: બિલ્ડીંગ માર્જીંગ ખુલ્લી જમીન, પશ્ચિમ: પેસેજ, ઉત્તર: ઓફિસ નંબર 219, દક્ષિણ: ઓફિસ નંબર 218

*વધારાના વ્યાજ સાથે, ઉપર દર્શાવેલ સંબંધિત ડિમાન્ડ નોટિસની તારીખમાં ખાસ કરીને દર્શાવ્યા મુજબના દરે વધારાનું વ્યાજ, ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી કરવામાં આવેલ આકસ્મિક ખર્ચ, કોસ્ટ, ચાર્જીસ વગેરે. જો કથિત બંધનકર્તા(ઓ) ઉપરોક્ત મુજબ HHFLને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે તો HHFL ઉપરોક્ત અધિનિયમની કલમ 13(4) હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ(ઓ) / સ્થાવર મિલકત(ઓ) સામે કાર્યવાહી કરશે. અને લાગુ પડતા નિયમો સંપૂર્ણપણે કથિત બંધનકર્તા(ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ(ઓ)ના ખર્ચ અને પરિણામોના જોખમે છે.

ઉપરોક્ત બંધનકર્તા/કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિઓને ઉપરોક્ત અધિનિયમ હેઠળ સુરક્ષિત સંપત્તિ(ઓ)/ સ્થાવર મિલકતને HHFLની પૂર્વ લેખિત સંમતિ વિના વેચાણ, ભાડાપટ્ટે અથવા અન્યથા ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે. કોઈપણ વ્યક્તિ જે અધિનિયમ અથવા તેના હેઠળ બનાવેલ નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા તેનું ઉલ્લંઘન કરવા માટે ઉશ્કેરે છે તે અધિનિયમ હેઠળ જોગવાઈ કરેલ કેદ અને/ અથવા દંડ માટે જવાબદાર રહેશે.

તારીખ: 25.04.2024, સ્થળ: વડોદરા

એસડી/-અધિકૃત અધિકારી
ફોર હીરો હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ

SVC CO-OPERATIVE BANK LTD. (Multi-State Scheduled Bank) ESTD 1906

રીકવરી ડીપાર્ટમેન્ટ : એસ.વી.સી. ટાવર, જવાહરલાલ નેહરૂ રોડ, વાકોલા, સાંતાક્રુઝ (પૂર્વ) મુંબઈ - ૪૦૦૦૫૫, ટેલિ. નં. ૭૧૯૯૯૯૭૫ / ૯૮૦ / ૯૮૩ / ૯૭૧ / ૯૨૮ / ૯૮૭.

વેચાણ માટે જાહેર સુચના

"જ્યાં છે જેમ છે અને જે રીતે છે ની પરિસ્થિતીમાં" પર રહેણાંક મિલકતનું વેચાણ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ મેળવેલ મિલકત)

ઉધારકર્તા / મોર્ગેજરનું નામ	તા. ૩૧.૦૩.૨૦૨૪ ના રોજ નું બાકી બેલેન્સ
મે. આર.જી. ફિટનેસ (પ્રોપ્રાઈટરશીપ ફર્મ) (મુખ્ય ઉધારકર્તા) શ્રી ગીરીશ શાંતિલાલ ચૌહાણ (જામીનદાર) શ્રી હર્ષદભાઈ જે. ચૌહાણ (જામીનદાર) શ્રીમતી ધીરજબેન W/o શાંતિલાલ ચૌહાણ (પરષોત્તમભાઈ ભાણાભાઈ વણકરના પુત્રી) (જામીનદાર / મોર્ગેજર)	રૂા. ૨૮,૬૬,૩૯૨/- (રૂા. અઠયાવીસ લાખ છાસઠ હજાર ત્રણસો બાણું પુરા) તા. ૩૧.૦૩.૨૦૨૪ સુધીનું, તા. ૦૧.૦૪.૨૦૨૪ થી કરાર દરે ભાવિ વ્યાજ અને આકસ્મિક ખર્ચ, કોસ્ટ અને ચાર્જીસ વગેરે. એનપીએ ની તારીખથી ચુકવણીની તારીખ સુધી તેના પર ખર્ચ કરવામાં આવેલ.

મિલકતનું સ્થાન અને વિગતો	અનામત કિંમત (રૂા. લાખમાં)	અર્નેસ્ટ મની ડીપોઝીટ (રૂા. લાખમાં)	નિરીક્ષણની તારીખ અને સમય	ટેન્ડર અને હરાજી ખોલવાની તારીખ અને સમય
ધીરજબેન કે જે પરષોતમભાઈ ભાણાભાઈ વણકરના પુત્રી (અને શાંતિલાલ ચૌહાણના પત્ની) માલિકીની સ્થાવર મિલકતનો ઘરનો મિલકત જે સ્થિત જમીનનું ક્ષેત્રફળ ૨૬.૦૦ સ્કે.મી., સીટી સર્વે નં. ૧૭૭૫ અને જમીનનું ક્ષેત્રફળ ૪૮.૦૦ સ્કે.મી., સીટી સર્વે નં. ૧૭૭૬, તેના પર બાંધવામાં આવેલ / બાંધવામાં આવનાર બાંધકામ સાથે, મોજે - સૈયદ વાસણા, રજીસ્ટ્રેશન જીલ્લો - વડોદરા અને સબ જીલ્લો - વડોદરા, રાજય - ગુજરાત ખાતે આવેલ સમગ્ર મિલકતની **ચતુ:સીમા** :- ● **પૂર્વે** : આંતરીક રોડ, ● **પશ્ચિમે** : આંતરીક રોડ, ● **ઉત્તરે** : અન્યની મિલકત, ● **દક્ષિણે** : અન્યની મિલકત.	૧૫.૦૦	૧,૫૦,૦૦૦/-	તા. ૦૪.૦૫.૨૦૨૪ અને ૧૮.૦૫.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	તા. ૩૧.૦૫.૨૦૨૪ બપોરે ૧૨.૩૦ વાગ્યે

શરતો અને નિયમો :-

(૧). વેચાણ આ જાહેરાતમાં અને નિયત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ નિયમો અને શરતોને આધીન છે. ઉપરોકત મિલકતોની વધુ વિગતો અને ટેન્ડર ફોર્મ **કારેલીબાગ ખાતે આવેલી શાખા ઓફિસમાંથી ગ્રાઉન્ડ અને પહેલો માળ, કાપડીયા હાઉસ, ૧ - દિપાવલી સોસાયટી, પાંણીની ટાંકી મેઈન રોડ, કારેલીબાગ, વડોદરા - ૩૯૦૦૧૮** ખાતે થી મેળવી શકાય છે.

(૨). ઈચ્છુક બિડરોએ દરેક મિલકત માટે અલગ સીલબંધ ટેન્ડરો માત્ર નિયત ટેન્ડર ફોર્મમાં સબમિટ કરવા જોઈએ. સીલબંધ કવર ડિમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર સાથે રૂા. ૧,૦૦૦/-પ્રત્યેક બિન - રીફંડપાત્ર ટેન્ડર ફી અને **"SVC Co-operative Bank Limited"** ની તરફેણમાં, અનુસૂચીત બેંક પર ડ્રો કરાયેલ જંગમ અને સ્થાવર માટે ઓફરની રકમના ૧૦% અર્નેસ્ટ મની ડિપોઝીટ માટે અલગ ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર, **વડોદરા ખાતે ચુકવવા પાત્ર શાખા ઓફિસમાંથી ગ્રાઉન્ડ અને પહેલો માળ, કાપડીયા હાઉસ, ૧ - દિપાવલી સોસાયટી, પાંણીની ટાંકી મેઈન રોડ, કારેલીબાગ, વડોદરા - ૩૯૦૦૧૮ ખાતે તા. ૩૧.૦૫.૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અથવા તે પહેલા** ટેન્ડર બોકસમાં જમા કરાવવાનું રહેશે.

(૩). **કારેલીબાગ ખાતેની શાખા ઓફિસ ખાતે ગ્રાઉન્ડ અને પહેલો માળ, કાપડીયા હાઉસ, ૧ - દિપાવલી સોસાયટી, પાંણીની ટાંકી મેઈન રોડ, કારેલીબાગ, વડોદરા - ૩૯૦૦૧૮** ખાતે ઉપર આપેલા સમયપત્રક મુજબ ટેન્ડરો ખોલવામાં આવશે.

(૪). ઉધારકર્તાઓ, સંબંધિત ટેન્ડરર્સ, બાંયધરી આપનાર / સિક્યોરીટીના માલિકો અથવા તેમના અધિકૃત પ્રતિનિધિઓ ટેન્ડર ખોલતી વખતે હાજર રહી શકે છે. બેંકના અધિકૃત અધિકારીને મિલકત માટે ઉચ્ચતમ વેચાણ મૂલ્ય પ્રાપ્ત કરવા માટે બિડર્સ વચ્ચે આંતર-સેલ બિડીંગ / વાટાઘાટોના સંબંધમાં નિર્ણય સહિત વેચાણની રીતમાં સંપૂર્ણ વિવેકબંધ રહેશે. તેથી તેઓને પોતાને અથવા તેમના યોગ્ય અધિકૃત પ્રતિનિધિઓ (દ્વારા) હાજર રહેવાની સલાહ આપવામાં આવે છે.

(૫). સફળ બિડરે ચુકવવાપાત્ર ચાર્જ / ફી જેમ કે સ્ટેમ્પ ડયુટી, નોંધણી ફી, આકસ્મિક ખર્ચ, ટી.ડી.એસ, પ્રોપર્ટી ડીલની રકમ ૧% લાગુ પડે. સફળ બિડર તમામ વૈધાનિક લેણાં, જો કોઈ હોય તો, તેમજ વિજળીના શુલ્ક, પાણીના શુલ્ક અને જાળવણી શુલ્ક જેવા બાકી રહેલા તમામ લેણાં અને પૂરી પાડવામાં આવતી અન્ય સેવાઓ માટે, જો કોઈ હોય તો તે પણ ચુકવશે. બેંક (સુરક્ષીત લેણદાર) વેચાણ માટે ઓફર કરવામાં આવેલી સુરક્ષીત અસ્કયામતો / સ્થાવર / જંગમ મિલકતોના સંદર્ભમાં કોઈપણ પરવાનગી / લાયસન્સ વગેરે મેળવવાની કોઈ જવાબદારી રહેશે નહીં.

(૬). બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા બધી ઓફરો સ્વીકારવા અથવા નકારવાનો અને જો બધી ઓફરો નકારી કાઢવામાં આવે તો, કોઈપણ ટેન્ડર / બિડર્સ સાથે વાટાઘાટો કરવા અથવા ટેન્ડરર્સ / બિડર્સ અથવા અન્ય પક્ષો / પક્ષકારોને કોઈપણ સાથે ખાનગી વાટાઘાટો દ્વારા મિલકતો વેચવાનો તેઓ અબાધિત અધિકાર રાખે છે.

(૭). સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ નિયમ ૬(૨) અને નિયમ ૮(૬) અનુસાર ઉધારકર્તા / જામીનદારો / મોર્ગેજરોને આથી નોટીસ આપવામાં આવે છે કે સિકયોર્ડ / ઉપરોકત અસ્કયામતો આ નોટીસ અનુસાર વેચવામાં આવશે. ડિમાન્ડ નોટીસ મુજબની બાકી રકમ સંપૂર્ણ રીતે ચૂકવવામાં આવી નથી.

(૮). અહીં ઉધારકર્તાઓ / જામીનદારો / મોર્ગેજરોનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં પેટા કલમ (૮) તથા કલમ ૧૩ સરફેસી એકટ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

(૯). **એસવીસી કો. ઓપરેટીવ બેંક લિમિટેડ અગાઉ ધ શામરાવ કો - ઓપરેટીવ બેંક લિમિટેડ** તરીકે ઓળખાતી ના અધિકૃત અધિકારીએ સરફેસી એકટના ૧૩(૪) હેઠળ નીચેની મિલકતનો કબજો લીધો છે.

(૧૦). વિવાદો, જો કોઈ હોય, તો તે માત્ર ગુજરાતની અદાલતોના અધિકારક્ષેત્રમાં રહેશે.

(૧૧). વેચાણની સૂચના અમારી વેબસાઈટ : **https://www.svcbank.com/notice-sale** જોઈ શકશે.

તારીખ : ૨૪.૦૪.૨૦૨૪, સ્થળ : વડોદરા

અમિત કે. કનાડા
મેનેજર અને અધિકૃત અધિકારી
એસ.વી.સી. કો. ઓપરેટીવ બેંક લી.